| GJBK090009302022 | દાખલ તારીખ | ૨૨/૦૮/૨૦૨૨ | | |
|---|---|---|---|---|
| | રજુ તારીખ | ૨૨/૦૮/૨૦૨૨ | | |
| | ફેસલ તારીખ | ૧૩/૦૩/૨૦૨૬ | | |
| | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૩ | ૦૬ | ૨૧ |

**ધાનેરાના મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી ફર્સ્ટ કલાસ શ્રી હરપ્રિત સીંધ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ધાનેરા**

આંક :-

ફરીયાદી :- શ્રી સરકાર,

<u>વિરૂધ્ધ</u>

આરોપીઓ :- (૧) હંસરાજ બાબુલાલ અગ્રવાલ
રહે. અગ્રસેન નગર, તા.ડીસા, જીલ્લો-બનાસકાંઠા.

ગુન્હો :- ઈ.પી.કોડની કલમ -૫૦૭

---

**શ્રી સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રી એમ.એમ. સોલંકી,**

**આરોપીઓ તરફે વિ.વકીલશ્રી આર.પી.મનસુરી,**

---

**// જજમેન્ટ //**

(૧) ફરીયાદપક્ષ કેસની ટુંકમાં હકીકત એવી છે કે,તા.૨૨/૦૬/૨૦૨૨ ના રોજ સવારના ૯.૫૯ વાગ્યે ફરીયાદીએ તેમના દુરના સંબંધી હંસરાજ બાબુલાલ અગ્રવાલ ને ફોન કરેલ અને કહેલ તુ કેમ મારા પારીવારીક પ્રશ્નોમાં દખલગીરી કરે છે તેમ કહેતા આ કામના આરોપીએ ફરીયાદીને મા બેન સામી ભુંડી ગાળો બોલેલ અને કહેલ કે તે તારી હોસ્પીટલમાં વૈશ્યાખાનુ ખોલેલ છે તુ તારા બાપની ઓલાદ નથી. તેમજ આરોપીએ ફરીયાદીને ધમકી આપેલ કે તેઓ હવે પછી ફોન કરશે તો આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાખવાની તેમજ ડિગ્રી છીનવી લેવાની ધમકી આપી ઈ.પી.કો.કલમ-૫૦૭ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલાનું ફરીયાદીએ સબંધિત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરતાં તપાસનીસ દવારા તપાસને અંતે આ અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપીઓ સમન્સના આધારે હાજર થતાં સૌપ્રથમ ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭

મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે આપ્યા બાદ તેઓની સામેનું તહોમતનામું વાંચી સંભળાવતાં તેનો ઈન્કાર કરતાં,આરોપીનો આંક–૪ લગત લેખિત જવાબ નોંધવામાં આવેલ છે.ત્યારબાદ ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવ્યો.

(૩) ફરીયાદપક્ષનો કેસ નિ:શંક પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ છે.

**<u>મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા</u>**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૮ | ત.ક.અધિકારી દજાભાઈ રામસીભાઈની જુબાની, |
| ૨. | ૦૯ | ફરીયાદી મુકેશભાઈ સત્યનારાયણ અગ્રવાલના મો.ની કોલ ડીટેઈલ્સની નકલ |
| ૩. | ૧૦ | આરોપી હંસરાજ બાબુભાઈ અગ્રવાલના મો.ની કોલ ડીટેઈલ્સની નકલ |
| ૪. | ૧૧ | સુચીપત્રકની નકલ |
| ૫. | ૧૨ | ફરીયાદ |
| ૬. | ૧૯ | પી.આઇ.શ્રી ને સાહેદો ને હાજર રાખવવા અંગે પત્ર |

સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની દલીલો સાંભળી.

(૪) ઉપરોકત વિગતે મારી સમક્ષ નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>// મુદ્દાઓ //</u>**

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, તા.૨૨/૦૬/૨૦૨૨ ના રોજ સવારના ૯.૫૯ વાગ્યે ફરીયાદીએ તેમના દુરના સંબંધી હંસરાજ બાબુલાલ અગ્રવાલ ને ફોન કરેલ અને કહેલ તુ કેમ મારા પારીવારીક પ્રશ્નોમાં દખલગીરી કરે છે તેમ કહેતા આ કામના આરોપીએ ફરીયાદીને મા બેન સામી ભુંડી ગાળો બોલેલ અને કહેલ કે તે તારી હોસ્પીટલમાં વૈશ્યાખાનુ ખોલેલ છે તુ તારા બાપની ઓલાદ નથી.તેમજ આરોપીએ ફરીયાદીને ધમકી આપેલ કે તેઓ હવે પછી ફોન કરશે તો આરોપીએ

ફરીયાદીને જાનથી મારી નાખવાની તેમજ ડિગ્રી છીનવી લેવાની ધમકી આપી ઈ.પી.કો.કલમ–૫૦૭ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબના છે.

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ,

(૬) ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

## <u>કારણો</u>

**<u>મુદ્દા નં. ૧.</u>**

(૭) આ કેસમાં દલીલોના સ્ટેજે બંને પક્ષકારોને સાંભળ્યા.ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થમાં આંક–૦૮ થી ત.ક.અધિકારીનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તા.૨૬.૦૬.૨૦૨૨ના રોજ તેઓ ધાનેરા પોસ્ટેમાં અહેકો તરીકે ફરજ બજાવતો હતો દરમ્યાન આ ગુનાના મુળ ફરીયાદી મુકેશભાઈ સત્યનારાયણ અગ્રવાલ વ્યવસાહે ડોકટર મંગલ હોસ્પીટલ ધાનેરા વાળાએ તહોમતદાર હંસરાજ બાબુલાલ અગ્રવાલ વિરૂધ્ધ ઇ.પી.કો.કલમ ૫૦૭ મુજબની ફરીયાદ હકીકત પીએસઓશ્રી ઉદેશીભાઈ પબાભાઈ સમક્ષ જાહેર કરી જણાવેલ કે તા. ૨૨.૦૬.૨૦૨૨ના રોજ ૯.૫૯ કલાકે આ કામના ફરીયાદી પોતાના મોબાઈલ નં.૯૪૨૭૬૪૩૭૩૯ ઉપરથી આ કામના તહો.હંસરાજ બાબુભાઈ અગ્રવાલ રહે.ડીસા વાળાના મો. નંબર ૯૪૨૮૦૦૫૯૧૫ ઉપર ફોન કરી પારીવારીક પ્રશ્નોમાં દખલગીરી ન કરવા કહેતા આ કામના આરોપીએ ફરીયાદીને મા બેન સામી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલ તે સબબની એફઆઈઆર દાખલ થઈ તપાસ અર્થે તેમના તરફ આવતા સદર ગુનાના કામે મે અનિલકુમાર ઓમપ્રકાશ અગ્રવાલ ૪૧(૧) મુજબની નોટીસ આપેલ અને સદર ગુનાના કામે તેમને અનિલકુમાર ઓમપ્રકાશ અગ્રવાલનું નિવેદન નોંધેલ અને તપાસના કામે ફરીયાદમાં ઉલ્લેખિત મોબાઈલના સીડીઆર મંગાવેલ અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપી કોર્ટમાં હાજર નથી તેને જોયેથી ઓળખી શકુ છું. મોબાઈલના મંગાવેલ સીડીઆર ફરીયાદી મોબાઈલ નંબર ૯૪૨૭૬૪૩૭૩૯ તથા આરોપી મોબાઈલ નંબર ૯૪૨૮૦૦૫૯૧૫ જે કામમાં દાખલ આંક–૦૯ તથા આંક –૧૦ થી રજુ કરેલ છે.

સદર ગુનાની તપાસ તેમને મળેલ તેનો હુકમ રજુ કરેલ છે જે આંક –૧૧ થી રજુ કરેલ છે. આ કામના ફરી.એ તા.૨૨.૦૬.૨૦૨૨ના કલાક ૯.૫૯ વાગે આરોપીના મો.નંબર ૯૪૨૭૬૪૩૭૩૯ ઉપર ફોન કરેલ છે જેમાં ૨૫૦ સેકન્ડ વાત કરેલ છે.ત્યારબાદ, સદર ત.ક.અધિકારીની આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ જેમાં તેઓ જણાવે છે કે,સાહેદોના નિવેદન તેમને જાતે લખી લીધેલ હોય તેવુ બનેલ નથી.આરોપી સામે પુરતો પુરાવો ન હોવા છતા ફરીયાદીની ફરીયાદ મુજબ તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ નથી તેમજ આ કામમાં સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ છે.તેમની તપાસ દરમ્યાન સાહેદ નં.૨ સાહેદ નં.૧ ની હોસ્પીટલમાં નોકરી કરતા હોય તેવુ ખુલવા પામેલ છે. તપાસ દરમ્યાન ફરીયાદીએ તેમને કોલ રેકોર્ડીંગ આપેસ હોય તેવુ બનેલ નથી તેમજ ફરીયાદી અને આરોપી વચ્ચે શુ વાતચીત થયેલી તે તેમને સાંભળેલ નથી તથા મોબાઈલ કે સીમ નંબર કોની માલિકીના હતા તેની તેમને તપાસ કરેલ નથી.આરોફીએ ફરીયાદીને કોઈ ફોન કરેલ હોય તેવું બનેલ નથી.

આ કામે ફરીયાદી તથા સાહેદ અનિલકુમાર ઓમપ્રકાશ ને વારવાર સમન્સ કરવા છતા ફરીયાદી કોર્ટ રૂબરૂ હાજર રહેલ નથી તથા ફરીયાદના સમર્થનમાં કોઈ પુરાવ રજુ કરેલ નથી જેથી આ કામના આરોપીએ ફરીયાદીને મા બેન સામી ભુંડી ગાળો બોલેલ હોય અને કહેલ કે તે તારી હોસ્પીટલમાં વૈશ્યાખાનુ ખોલેલ છે તુ તારા બાપની ઓલાદ નથી. તેમજ આરોપીએ ફરીયાદીને ધમકી આપેલ કે ફ્યાદી હવે પછી ફોન કરશે તો આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાખવાની તેમજ ડિગ્રી છીનવી લેવાની ધમકી આપી હોય તે પુરવાર થતો નથી. આરોપીને સદર ગુના સાથે સાંકળી શકાય તેમ ન હોય જેથી તેની વધુ ચર્ચા કરેવામાં આવતી નથી. ફરીયાદપક્ષ તરફે પૂર્ણ તક આપયા છતા કોઈ પુરાવો રજુ થયેલો નથી.

૭. આમ, ફરીયાદપક્ષે રજુ ઉપરોકત પુરાવાનું મુલ્યાંકન કરતાં આરોપીઓ સામેનાં ઉપરોકત ગુના અને તેનાં તત્વો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે.જેથી મુદા નં.૧ નો મારો નિર્ણય નકારમાં આપી,મુદા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## //હુકમ//

(૧) આ કામના આરોપીને બી.એન.એસ.એસ ની કલમ–૨૭૧ (૧) અન્વયે ઈ.પી.કોડની કલમ –૫૦૭ મુજબના ગુનામાં પુરતા પુરાવાના અભાવે શંકાનો

લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપી તરફે અગાઉ રજુ કરેલ જામીન તથા જાત મુચરકા બી.એન.એસ.એસ –૪૮૧ (૧) મુજબના અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે વિકલ્પે આરોપીએ રૂા.૫,૦૦૦/–પુરાના જામીન તથા જાત મુચરકો અપીલ સમય સુધીના રજુ કરવા.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ધાનેરા
તારીખ : ૧૩/૦૩/૨૦૨૬

**(હરપ્રિત સિંઘ)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ધાનેરા
(કોડ નં. જી.જે.૦૧૪૨૭)